જા.ક્ર.RMSA/વોકેશનલ/૨૦૨૬/ 8820-21

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૯/૦૬/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના NEP-2020 અને NCF-SE અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮ થી અમલી બનનાર ધોરણ-૯ના વિષય માળખા બાબતના તા.૨૦/૦૬/૨૦૨૬ પત્રાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૨૯૩-૨૩૨૭ના પત્રની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/2293 - 2327
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૦૬/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- NEP-2020 અને NCF-SE અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ થી અમલી બનનાર ધોરણ-૯ના વિષય માળખા બાબત.

સંદર્ભ:- (૧) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૯/૨૦૨૬
(૨) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૧૦/૨૦૨૬
(૩) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૧૭૬૫-૬૬, તા.૨૬/૦૫/૨૦૨૬
(૪) શિક્ષણ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૨૬નો પત્રક્રમાંક: ED/MIR/e-file/3/2026/3271/CHH

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે NEP-2020 અને NCF-SE અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ થી અમલી બનનાર ધોરણ-૯ના વિષય માળખા અંગે સંદર્ભ-(૧) અને (૨) થી શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૩) દર્શિત પત્રથી સદર બાબતે સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે સંદર્ભ-(૪) દર્શિત શિક્ષણ વિભાગના પત્રથી સરકારશ્રી દ્વારા આ અંગે મંજૂરી આપવામાં આવેલ છે. NEP-2020 અને NCF-SE અન્વયે ૨૦૨૭-૨૮ થી અમલી બનનાર ધોરણ-૯નું વિષય માળખું નીચે મુજબ છે.

| **NCF-SEમાં** સૂચિત અભ્યાસક્રમનું ધોરણ-9 માટેનું વિષય માળખું | વિષયો | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-9નું વિષય માળખું<br>**(કુલ 10 વિષય ફરજિયાત )** |
|---|---|---|
| Languages | 1. Language 1 | **1.પ્રથમ ભાષા (R1)** |
| | | • ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી, ઉર્દૂ, સિંધી, તમિલ, તેલુગુ, ઉડિયા<br>➢ નોંધ: જે માધ્યમની શાળા હોય તે ભાષા પ્રથમ ભાષા તરીકે પસંદ કરવાની રહેશે. |
| | 2. Language 2 | **2.દ્વિતીય ભાષા (R2)** |
| | | • <u>ગુજરાતી (દ્વિતીય ભાષા)</u><br>➢ નોંધ: ગુજરાતી માધ્યમની શાળાઓ સિવાયની તમામ માધ્યમિક શાળાઓ માટે ગુજરાતી (દ્વિતીય ભાષા) ફરજિયાત પસંદ કરવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | | • અંગ્રેજી (દ્વિતીય ભાષા)<br><br>➢ નોંધ: અંગ્રેજી માધ્યમની શાળાઓ સિવાયની તમામ માધ્યમિક શાળાઓ માટે અંગ્રેજી (દ્વિતીય ભાષા) ફરજિયાત પસંદ કરવાની રહેશે. |
| | | | નોંધ: પ્રથમ ભાષાની પસંદગી કર્યા બાદ તે જ ભાષા દ્વિતીય ભાષા તરીકે પુનઃ કોઈ પણ માધ્યમની શાળા પસંદગી કરી શકશે નહી. |
| | 3. Language 3 | | 3.તૃતીય ભાષા (**R3**) (ગુજરાતી/અંગ્રેજી માધ્યમની શાળાઓ માટે) |
| | | | હિન્દી(દ્વિતીય)/ સંસ્કૃત/ ઉર્દૂ(દ્વિતીય) / ફારસી(દ્વિતીય) / અરબી(દ્વિતીય) / સિંધી(દ્વિતીય) / ઇન્ડિયન સાઈન લેંગ્વેજ |
| Mathematics and Computational Thinking | 4. Mathematics | | 4.ગણિત |
| Science | 5. Science | | 5.વિજ્ઞાન |
| Social Science | 6. Social Science | | 6.સામાજિક વિજ્ઞાન |
| Interdisciplinary Areas | 7. Individual in Society | | 7.વ્યક્તિ અને સમાજજીવન<br>(Individual in Society) |
| | | સામાન્ય શાળાઓ માટે | ઉત્તર બુનિયાદી શાળાઓ માટે |
| Art Education | 8. Art Education | 8.ચિત્રકળા / સંગીત (કોઈપણ એક) | 8 અને 9. (નીચેના માંથી કોઈ બે વિષય ફરજિયાત પસંદ કરવાના રહેશે.)<br><br>1.ચિત્રકળા / સંગીત (કોઈપણ એક)<br>2.યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ<br>3.વ્યવસાયિક શિક્ષણનો વિષય<br>4. કમ્પ્યુટર અધ્યયન |
| Physical Education and Well-being | 9. Physical Education | 9. યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ | |
| Vocational Education | 10. Vocational Education | 10.વ્યવસાયિક શિક્ષણનો વિષય / કમ્પ્યુટર અધ્યયન | |
| - | - | - | 10. (નીચેના માંથી કોઈ એક વિષય ફરજિયાત પસંદ કરવાના રહેશે.)<br>1.કૃષિવિદ્યા<br>2.ગૃહ વિજ્ઞાન<br>3.પશુપાલન અને ડેરી વિજ્ઞાન |

ઉક્ત વિગત આપના તાબા હેઠળની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર